ધાનેરામાં ભાજપના અણઘટ શાસનથી પ્રજા ત્રાહિમામ : ભાજપને આપ્યો જાકારો

ધાનેરામાં ખુલ્લી ગટર અને ગંદકીથી લોકો ત્રાહિમામ : ખુલ્લી ગટરોમાં વાહનો પણ ડૂબી જાય છે, અબોલ પશુ પણ પડીને મોતને ભેટે છે

દેશના વડાપ્રધાન અને ગુજરાત સરકાર સ્વચ્છ ભારત અભિયાનની મોટી મોટી વાત કરી કારીઓ રહ્યા છે ત્યારે આજે અમે તમને એક એવું ગામ બતાવશું કે તમે પણ જોઈને ચોકી ઉઠશો. ગામમાં

ગંદકીતો છેજ પરંતુ ગંદકીના લીધે લોકોને કેટલું નુકશાન વેઠવું પડે છે તે સાંભળીને તમે પણ અચકાઈ જશો શું છે સમગ્ર મામલો જોઈએ આ અહેવાલમાં...

બનાસકાંઠા જિલ્લાનું ધાનેરા ગામ કે જ્યાં છેલ્લા ઘણા સમયથી લોકો ગંદકીને લઈ પીડાઈ રહ્યાં છે. લોકો માત્ર ગંદકીથી પીડાતા જ નથી પણ ગંદકીના લીધે મોટું નુકશાન પણ વેઠી રહ્યા છે. ધાનેરા શહેરમાં જ્યાં જુઓ ત્યાં ગટરો ઉભરાયેલી જોવા મળી રહી છે ધાનેરાના મોટા ભાગના રસ્તા ગંદકીથી ખદબદી રહ્યા છે. લોકો ધ્વરા વારંવાર રજૂઆત કરવા છતાં પાલિકાના કોઈજ સત્તાધીશો લોકોની વાત કાં પર નથી લેતા હવે તમે પણ સાંભળો લોકો શું કહે છે.

જો હવે વાત કરવામાં આવે ધાનેરા નગરપાલિકાના સત્તાધીશોની તો ધાનેરા નગરપાલિકાના સત્તાધીશોની મનમાની લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને વારંવાર રજૂઆત કરવા છતાં પણ પાલિકાના સત્તાધીશો લોકોની રજૂઆત સાંભળતા નથી ત્યારે હવે જો વાત કરવાં આવે ધાનેરાના લોકોને વેઠવું પડતું નુકશાનની તો ધાનેરાના તમામ જાહેર માર્ગો ઉપર ગટરો ખુલ્લી જોવા મળી રહી છે અને ખુલ્લી ગટરોમાં વાહનો પણ પડે ને તો દુબી જાય છે અને કલાકોની મહેનત બાદ વાહનોને ભાગેલી હાલતમાં બહાર કાઢવામાં આવે છે ધાનેરાની ખુલ્લી ગટરોમાં કેટલીય વાર અબોલ પશુઓ પણ પડીને મોતને ભેટ્યા છે છતાં પણ પાલિકાના સત્તાધીશોની ઊંઘ નથી ઊડતી. હવે અમે તમને જે બતાવવા જઈ રહ્યા છીએ તે જોઈને તમે પણ ચોકી ઉઠશો. આ છે ધાનેરાની લાધાપુરા પ્રાથમિક શાળા અને આ છે ધાનેરાનું આંગણવાડી કેન્દ્ર. બંનેની વચ્ચેથી એક મોટી ગટર પસાર થાય છે અને તે પણ ખુલ્લી આ ગટર કચરાથી એટલી ઉભરાઈ છે કે કોઈને ખબર પણ ના પડે કે આ જગ્યા ઉપર ગટર છે આ ગટરમાં કેટલાય લોકો, વાહનો અને અબોલ પશુઓ પડ્યા છે. પરંતુ આ ખુલ્લી ગટરમાં શાળામાં અભ્યાસ કરતા નાના બાળકો કે પછી આંગણવાડીમાં આવતા નાના ભુલકાઓ પડી જાય તો શું ? આ ખુલ્લી ગટરમાં જો પશુ પડવાથી મોતને ભેટતું હોય તો બાળકો નું શું ? માટે લગતા વળગતા અધિકારીઓ તાત્કાલિક જાગે અને આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે નહીંતર આવનારા સમયમાં મોટી હોનારત સર્જાય તો કોઈ નવાઈની વાત નથી ત્યારે આ બાબતે ધાનેરાના લોકો શું કહે છે તમે પણ સાભળો.

ધાનેરામાં અગાઉ પણ ગંદકીને લઈ કોલેરા જેવો ભયાનક રોગચાળો ફાટી નીકળ્યો હતો અને તેમાં ૮ જેટલા લોકોના મોત નિપજ્યા હતા. તો હજારો લોકો આ બીમારીનો ભોગ બન્યા હતા. ધાનેરામાં ભાજપ શાષિત નગરપાલિકા હતી અને ભાજપ સત્તાધીશોના અણઘટ વહીવટથી પ્રજા પણ ત્રાહિમામ પોકારી ઉઠી હતી ત્યારે લોકોએ હવે ધાનેરામાંથી ભાજપને જાકારો આપ્યો છે છે અને ખુબ જ બહુમતીથી ધાનેરા નગરપાલિકાનું શાશન કોંગ્રેસને સોંપ્યું છે ત્યારે હવે ભાજપના લોકોને સમજી જવાની જરૂર છે કે જે કામ ધાનેરાની જનતાએ કર્યું તે કામ જો રાજ્યની જનતા કરશે તો...?

ધાનેરા પોલીસે એવા શખસની ધરપકડ કરી છે કે જે લોકો સાથે છેતરપિંડી કરી લોકોના ખાતામાંથી ઉપાડતો હતો પૈસા

રમેશ ઉર્ફે રમો જે ધાનેરામાં અવાર જવર કરતો અને ધાનેરાના કેટલાક એટીએમ આગળ રેકી કરતો. કોઈ ગામડાનો અભણ વ્યક્તિ પૈસા ઉપડવા આવતો તો તેને આ શખ્સ જણાવતો કે લાવો હું તમને પૈસા ઉપાડી આપી અને તેમની પાસેથી એટીએમ અને પાસવર્ડ લઈ લેતો અને ખાતામાંથી પૈસા ઉપાડી ફરાર થઈ જતો આ બાબતે કેટલાક ખેડૂતો દ્વારા ધાનેરા પોલીસ મથકમાં જાણ કરતા ધાનેરા પોલીસે આ યુવકને એટીએમ નજીકથી ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધાનેરા પોલીસે આ યુવકની અટકાયત કરી યુવકની પૂછપરછ કરતા યુવક પાસેથી જુદાજુદા ૫ જેટલા એટીએમ કાર્ડ પણ મળી આવ્યા છે અને કબૂલાત પણ કરી છે ૫ જેટલા ખેડૂતો સાથે છેતરપિંડી કરી પૈસા ઉપાડી લીધા છે.

લ્યો... બોલો ૧૦૦ની પત્તીની લ્હાયમાં પોલીસે ઉભેલી બાઈકને અડફેટે લીધી

બે ને ઇજાઓ પહોચતા પહેલાં પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના તાજપુર પાસે ગાંધીનગર જીલ્લાની ૧૦૦ નંબરની જીપે ૧૦૦ રૂપિયાની પત્તીની લ્હાયમાં બાઈક સવારને અડફટે લેતાં બે ને ઈજાઓ પહોચતા પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના મજરા ચોકડી પાસે આજે ૧૦૦ નંબરની ગાંધીનગર જિલ્લાની ગાડી ચેકિંગના નામે રોકડા કરવા મજરા ત્રણ રસ્તા પાસે ઉભી હતી અને ખાનગી વાહનો પાસે ઉઘરાણું કરતી હતી તે દરમ્યાન ખાનગી લકઝરી બસને રોકતા ઉભી ના રાખતા તેણે પીછો કર્યો હતો. તે દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ-હિંમતનગર રોડ ઉપર પ્રાંતિજના તાજપુર પાટીયા પાસે રોડની સાઈડમાં બાઈક નંબર- જીજે૦૯સીએમ.૨૫૫ સાથે ઉભેલ ભરતસીગ પલાજી મકવાણા ઉ. વર્ષ- ૨૨ તથા કેતનસીંગ અમાજી મકવાણા ઉ. વર્ષ- ૧૮ બન્ને રહે. પ્રાંતિજ ના ધડી ખાતે રહે છે જેવો ને ૧૦૦ નંબરની જીપ દ્વારા અડફટે લેતાં બન્ને શરીરે ઈજાઓ પહોચતા તેવોને પહેલાં પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામા આવ્યાં હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યાં છે. તો સ્થળ ઉપર રહેલ પત્યક દર્સિકોએ જણાવ્યું કે અકસ્માત બાદ પોલિસે તેની ૧૦૦ની જીપની હવા જાતે કાઢીને નાખી હતી. ત્યાર બાદ તેની વગનો ઉપયોગ કરીને તાત્કાલિક ક્રેન બોલાવીને બાઈકને તથા જીપને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં તાબડતોબ લઈ જવામાં આવી હતી.

જમીન માપણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ૨૦૧૦માં તત્કાલીન યુપીએ સરકારે આ નિર્ણય કર્યો હતો. જેમાં ૫૦ ટકા કેન્દ્ર અને ૫૦ ટકા રાજ્ય સરકાર ખર્ચ ભોગવશે તેવો નિર્ણય થયો હતો. ગુજરાત સરકારે આ દિશામાં પહેલ કરી અને રીસર્વેની કામગીરી માટે ૨૦-૧૨-૨૦૧૦ના રોજ કરાર કર્યા હતા. મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે ૯૮ ટકા કામગીરી સંપન્ન થઈ ગઈ છે. ગાંધીનગર જિલ્લાના ૪ તાલુકાના ૨૭૦ ગામો પૈકી ૨૬૬ ગામોમાં જમીનની માપણી સંપન્ન થઈ છે. નિયત ૧૦૫ અન્વયે ૨૫૯ ગામોમાં પ્રમોલગેશનની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રીસર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની ગાંધીનગર જિલ્લામાં ૪૧૨૨ ફરિયાદો મળી હતી અને તેનુ નિરાકરણ પણ ખેડૂતો સાથે રાખીને કરી દેવામાં આવ્યુ છે. મંત્રીએ વિપક્ષી નેતાના પ્રશ્નોના ઉત્તરમાં એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ખેડૂતને સાથે રાખીને જ માપણી કરવામાં આવે છે. એટલે ખેડૂતને અન્યાય થશે તે વાત કરવી યોગ્ય નથી.

વિપક્ષી નેતાએ ખોટા રીસર્વે સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યુ હતુ કે સેટેલાઈટની મદદથી માપણી કરવામાં આવે છે. ખેડૂતો અભણ છે અને તેનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ થાય છે. એક ટુકડા માટે પણ સમાધાન ખેડૂત કરતો નથી અને જો આવી સ્થિતિ થશે તો રાજ્યમાં વર્ગ વિગ્રહ જેવી સ્થિતિ નિર્માણ થશે. તેમણે તેમની આક્રમક રજુઆતોનો સિલસિલો મહેસુલ મંત્રીની હૈયાધારણ સાથેની સ્પષ્ટતા પછી પણ ચાલુ રાખતાં અધ્યક્ષશ્રી ત્રિવેદીએ પ્રશ્ન ક્રમાંક ૪ હાથ પર લેવાની ઘોષણા કરી હતી. જો કે વિપક્ષી નેતા શાંત પડ્યા ન હોવાથી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે બાજી સંભાળી લઈ સ્પષ્ટતાને વધુ અસરકારક બનાવતાં જણાવ્યું હતું કે ખેડૂતનો જમીનનો હક્ક સરકાર ડૂબવા દેશે નહિ. ખેડૂતોની આ સરકાર ખેડૂતોના હક્ક માટે મક્કમ છે.

તેમણે જણાવ્યુ હતુ કે અગાઉ પણ આ મુદ્દે ગૃહમાં અર્ધા કલાકની વિશેષ ચર્ચાઓ થઈ ગઈ છે. હમણાં રાજ્ય સરકારની મળેલ બેઠકમાં પણ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી અને તેમાં નિર્ણય લેવાયો હતો કે ખેડૂતોને પ્રમોલગેશનમાં સંતોષ ન થાય ત્યાં સુધી પ્રમોલગેશન પૂર્ણ થયેલુ જાહેર નહિ કરાય. તેમણે જણાવ્યુ હતુ કે પ્રમોલગેશનની મુદત પૂર્ણ થયા પછી પણ સરકારે તે મુદતમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ભાજપના બા.જ. પટેલના એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યું હતું કે આ રીસર્વેને કારણે જમીન પરના દબાણો ઘટશે, વહીવટીય સરળતાઓ ઉભી થશે, ખેડૂતને સાત નંબરના પત્રકમાં ખેતરનો નકશો પણ મળશે તેમજ રેકર્ડ પણ સ્પષ્ટ થશે.

વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી છાત્રાલયોમાં ૨૩૯ અને ગ્રાન્ટ ઈન એઈડમાં ૧૬૯૦ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. તેમની મંજૂર થયેલ ક્ષમતા સરકારી છાત્રાલયોમાં ૨૪૫ અને ગ્રાન્ટ ઈન એઈડમાં ૧૭૪૯ છે.

આ છાત્રાલયોમાં રહેવાની, જમવાની તથા રમત-ગમતના સાધનો, બુક બેંક, પુસ્તકો વિગેરે નિયમોનુસાર સુવિધાઓ આપવામાં આવે છે.

● બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ

કોંગીના ધારાસભ્ય સુરેશ પટેલે ગાંધીનગરમાં બાંધકામ મજૂરોના કલ્યાણ પાછળ છેલ્લા બે વર્ષમાં કરાયેલા ખર્ચ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીએ જણાવ્યુ કે ૨૦૧૬માં ૧.૭૫ લાખ અને ૨૦૧૭માં ૯૧ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે.

● જિલ્લામાં બેરોજગારો

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ગાંધીનગરમાં શિક્ષિત, અર્ધશિક્ષિત નોંધાયેલ બેરોજગારો અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રોજગાર મંત્રીએ જણાવ્યુ હતુ કે શિક્ષિત ૧૪૦૧૦ અને અર્ધ શિક્ષિત ૨૧૪૫ મળી કુલ ૧૬,૧૫૫ બેરોજગારોની નોંધણી કરવામાં આવી છે.

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૨,૨૨૬ લોકોને રોજગારી આપવામાં આવી છે. જેમાં ૨૦૧૬ના વર્ષમાં ૧૦,૬૬૪ અને ૨૦૧૭માં ૧૧,૫૬૨નો સમાવેશ થાય છે.

બળદેવજી ઠાકોરના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૬માં ૧૨૨૪ને સરકારી અને ૯૪૪૦ને ખાનગી ક્ષેત્રમાં રોજગારી આપવામાં આવી છે. જ્યારે ૨૦૧૭ના વર્ષમાં ૨૩૬ને સરકારી નોકરી અને ૧૧,૩૨૬ને ખાનગી ક્ષેત્રમાં રોજગારી આપવામાં આવી છે.

● શૈક્ષણિક લોન

કોંગીના માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે છેલ્લા બે વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક તો પછાત વર્ગના વિદ્યાર્થીઓની લોન મેળવવા માટેની અરજીઓને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ છે. બે વર્ષમાં ૨૨ અરજીઓ મળી હતી જે પૈકી ૧૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જિલ્લામાં ૬ અરજીઓ ૨૦૧૭-૧૮ના વર્ષની પડતર છે તેનો અને તેટલો ઝડપથી નિકાલ કરવામાં આવશે.

● કોમ્પ્યુટર ટ્રેડ પાસ કરનારને ટેબ્લેટ

ઊંઝાના કોંગી ધારાસભ્ય સુશ્રી આશાબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજનાને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીએ જણાવ્યુ છે કે આઈ.ટી.આઈ.ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સ પાસ કરનાર ૩૨૨ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવ્યા છે. જેમાં દહેગામના ૭૬, ગાંધીનગરના ૨૪૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

ગૃહમાં હોબાળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેવાણીએ સરકાર પર ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ગુજરાતના ૫૦ લાખ દલિતોને રૂપાણી સરકાર પર ન્યાય મળવાનો કોઈ ભરોસો નથી. તેમના આ આરોપના સમર્થનમાં વિપક્ષ પણ જોડાયો હતો, જેને લઈ ભાજપના ધારાસભ્યો પણ સામે આવી ગયા હતા અને વિપક્ષ પર પ્રતિઆક્ષેપ કરી જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. ગૃહમાં વિપક્ષના જોરદાર હંગામા અને હોબાળા બાદ અધ્યક્ષને રીસેસ સુધી ગૃહની કાર્યવાહી મોકૂફ રાખવાની ફરજ પડી હતી. ગુજરાત વિધાનસભાની કાર્યવાહી દરમ્યાન આજે કોંગ્રેસના ધારાસભ્ય કીરીટ પટેલે પાટણ કલેકટર ઓફિસ ખાતે આત્મવિલોપન કરનારા દલિત વૃધ્ધ ભાનુભાઈ વણકરને ન્યાયની માંગણી સાથેનો મુદ્દો ઉઠાવ્યો હતો, જેના સમર્થનમાં ધારાસભ્ય શૈલેષ પરમારે પણ સરકાર પર પ્રહારો શરૂ કર્યા હતા. દરમ્યાન દલિત યુવા ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પણ દલિત અત્યાચાર અને અન્યાયને લઈ સરકારને આડા હાથે લીધી હતી અને ભાજપ સરકાર પર ગંભીર આરોપ લગાવ્યો હતો કે, ગુજરાતના ૫૦ લાખ દલિતોને રૂપાણી સરકાર પર ન્યાયનો ભરોસો નથી. મેવાણીના ગંભીર આક્ષેપોને સાંભળીને તે સરકાર વિરૂધ્ધ બીજો કોઈ ગંભીર આરોપ લગાવે કે આક્ષેપ કરે તે પહેલાં જ અધ્યક્ષે મેવાણીનું માઈક બંધ કરવાની સૂચના આપી હતી.

વકીલો માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરી વકીલોને આ દરમિયાન બેઠક વ્યવસ્થા પુરી પાડવા માટે નવા શેડ બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ વકીલોના બેઠક શેડ માટે કોર્ટ બિલ્ડીંગ પાછળ સ્થિત ખાલી મેદાનમાં કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઠેકાણે વકીલો માટે કામચલાઉ બેઠક વ્યવસ્થા ગોઠવવા માટે કામગીરી હાથ ધરાઈ છે. આગામી દિવસોમાં વકીલોની બેઠક વ્યવસ્થાને અનુલક્ષી કામગીરી પુર્ણ થયા બાદ કોર્ટ બિલ્ડીંગનુ કામ હાથ ધરાશે. ગાંધીનગર કોર્ટ બિલ્ડીંગ હાલ ત્રણ મજલાનુ છે. જયારે તેમાં લીફટ પણ નથી. જયારે જિલ્લા કોર્ટ બિલ્ડીંગને અનુલક્ષી નવા બિલ્ડીંગમાં જરૂરી તમામ સુવિધાઓ ઉપરાંત લીફટ પણ મુકવામાં આવશે. સરકારી વકીલો તેમજ ન્યાયાધીશો માટે ચેમ્બર કમ્પાઉન્ડ વોલ ફાયર સિસ્ટમ સહીતની જરૂરી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. કાર્ટ બિલ્ડીંગને અપગ્રેડ કરવાની યોજના લાંબા સમયથી તૈયાર કરવામાં આવી છે. જયારે હવે ટુંકમાં કામ શરૂ કરી દેવામાં આવશે.

બિનખેતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહે છે. જેના પર કલેકટર ધ્યાન આપે છે. તેમણે જણાવ્યુ હતુ કે ના મંજૂર કરવાના કારણો પણ કલેક્ટરે સ્પષ્ટ દર્શાવવાના હોય છે. સરકારે હવે મલ્ટી પરપઝ એન.એ.ની પદ્ધતિ પણ દાખલ કરી છે. કોંગીના બળદેવજી ઠાકોરે પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૭માં જિલ્લા કલેક્ટર પાસે ૧૦૨૨ ફાઈલો રજુ થઈ હતી. જે પૈકી ૬૮૮ ફાઈલો મંજૂર કરવામાં આવી છે. ૨૫૩ અરજીઓ ના મંજૂર કરવામાં આવી છે. ૮૧ ફાઈલો એવી છે જેની મુદત હજુ નેવુ દિવસની જે છે તે પૂર્ણ થઈ ન હોવાથી પડતર છે. મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે સરકાર એન.એ.ની પ્રથાને પારદર્શક બનાવવા માગે છે એટલે જ જાહેરમાં એન.એ.ની મંજૂરી કાર્યક્રમો યોજીને આપવામાં આવે છે. ઓપન હાઉસમાં આવી મંજૂરીઓ તાજેતરમાં અમદાવાદ ખાતે એનાયત કરાઈ હતી. અગાઉ ગાંધીનગર અને અમદાવાદમાં પણ આવા ઓપન હાઉસ યોજીને આપવામાં આવી છે. સરકાર મહેસુલ વિભાગની તમામ વહીવટીય પ્રથાને પારદર્શક બનાવવા માંગે છે અને તે માટે મક્કમતાથી આગળ પણ બધી રહી છે.

નવો વળાંક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેર કરાઈ હતી. તે શરાબના નશામાં પણ હતી. સંતુલન ગુમાવી દીધા બાદ બાથટબમાં પડી હતી અને ડુબવાથી તેનું મોત થયું છે. પોસ્ટમોર્ટમના નિરીક્ષણની પૂર્ણાહૂતિ બાદ જણાવવામાં આવ્યું છે કે, ભારતીય અભિનેત્રી શ્રીદેવી પોતાના હોટલના એપાર્ટમેન્ટમાં બાથટબમાં સંતુલન ગુમાવ્યા બાદ પડી જતાં મોત થયું છે. ફોરેન્સિક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, શ્રીદેવીનો મૃતદેહ પણ બાથટબમાં જ હતો. દુબઈના ગલ્ફ ન્યુઝ અને અન્ય કેટલાક સમાચારપત્રોમાં જણાવવામાં આવ્યું છે કે, શ્રીદેવીના શરીરમાં શરાબના ઘટકો પણ મળી આવ્યા છે. શરૂઆતી તપાસમાં આ બાબતના સંકેત પણ મળ્યા છે કે, શરાબના નશામાં સંતુલન ગુમાવી દીધા બાદ બાથટબમાં તે પડી ગઈ હતી અને ડુબવાથી તેનું મોત થયું છે. બીજા એક રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, એટેક બાદ બાથટબમાં પડી જતાં તેનું મોત થયું છે. દુબઈ પોલીસ દ્વારા તમામ મામલામાં હજુ પણ તપાસ ચાલી રહી છે. સ્થાનિક કાયદાકીય લોકોનું કહેવું છે કે, શ્રીદેવીના મોતને લઈને વિરોધાભાષી અહેવાલો મળી રહ્યા છે.

હસ્તીઓ એકત્રિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યા હતા. બોલીવુડના દિગ્ગજ કલાકાર અનુપમ ખેર પણ અનિલ કપૂરના આવાસે પણ પહોંચ્યા હતા. અનુપમ ખેરે કહ્યું હતું કે, શ્રીદેવી હંમેશા તેમની યાદોમાં રહેશે. શ્રીદેવીના સંદર્ભમાં ભૂતકાળમાં વાત કરવી ખુબ જ મુશ્કેલરુપ છે. અનુપમ ખેરે એમ પણ કહ્યું હતું કે, અમે સદીની સૌથી મોટી અભિનેત્રી ગુમાવી દીધી છે.

હુમલાની દહેશત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોળીબારમાં જમ્મુ કાશ્મીર પોલીસની ૧૩મી બટાલિયનના કોન્સ્ટેબલ કુલતારસિંહ ઘાયલ થઈ ગયા હતા. સિંહને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત થયું હતું. બીજી ઘટના શ્રીનગર સૌરા વિસ્તારમાં થઈ હતી. આ ઘટનામાં હુર્રિયત નેતા ફઝલ હક કુરેશીના આવાસની બહાર પોલીસ ચોકી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં કોન્સ્ટેબલ ફારુક અહેમદ શહીદ થયા હતા. અધિકારીઓએ કહ્યું છે કે, કુરેશી ડિસેમ્બર ૨૦૦૯માં ત્રાસવાદી હુમલામાં ઘાયલ થઈ ગયા હતા. અધિકારીઓનું કહેવું છે કે, સમગ્ર વિસ્તારમાં તપાસનો દોર હજુ પણ ચાલી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે, હાલના સમયમાં આતંકવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ ચાલી રહ્યું છે.

કારની ટક્કરથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, ભોગ બનેલા બાળકોના પરિવારના સભ્યોએ તેમને કહ્યું છે કે, જે ગાડીની ટક્કરથી બાળકોના મોત થયા છે તે ગાડી ભાજપના એક કાર્યકરની હતી. તેમાં ભાજપની પ્લેટ પણ લગાવેલી હતી. બનાવના સમયે ડ્રાઈવર નશાની હાલતમાં હોવાની પણ માહિતી મળી છે. તેમણે કહ્યું હતું કે, ભાજપના નેતાઓ સત્તામાં આવ્યા બાદ એમ પણ નશામાં દેખાઈ રહ્યા છે. આરજેડીના નેતાઓએ આ બનાવને લઈને બિહાર વિધાનસભાની બહાર હિંસક વિરોધ પ્રદર્શન કર્યા હતા. સાથે સાથે દોષિતોને સજા કરવાની માંગ કરી હતી. આ બનાવ જિલ્લાના મીનાપુર બ્લોક પર નેશનલ હાઈવે ૭૭ પર એક સ્કુલ નજીક બન્યો હતો. નારાજ માતા-પિતા દ્વારા સ્કુલમાં તોડફોડ કરવામાં આવી હતી.

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ખેરાઈ જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૨૦૦/૬૪૦ મીટર લેબરકામ અને ઘર જોડાણ ૨૭ નંગ	૪૧૧૪૦૦.૭૩

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ખેરાઈ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
ખેરાઈ જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત વસાઈ જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૮૭૦/૧૦૮૮ મીટર લેબરકામ (પાંડોર ફળી)	૩૮૭૦૯૪.૪૧
૨.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૯૨૦/૧૧૨૦ મીટર લેબરકામ (મસાર ફળી)	૩૯૭૩૦૬.૯૬
૩.	ઘર જોડાણ ૮૨ નંગ (વસાઈ)	૮૨૦૦૦.૦૦
૪.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૮૯૫/૧૦૦૨ મીટર લેબરકામ (દાંતી વાસ)	૩૭૫૬૩૯.૬૮

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી વસાઈ જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
વસાઈ જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ધનીવાડા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૧૦/૧૨૨૩ મીટર લેબરકામ (પગી ફળી)	૪૮૬૪૭૯.૧૨
૨.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૬૩૦/૧૨૭૭ મીટર લેબરકામ (ખાંટ ફળી)	૫૦૧૩૭૭.૫૭
૩.	ઘર જોડાણ ૪૪ નંગ	૪૪૦૦૦.૦૦

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્